# B.Ed sem-3

## S.U.G College of Education

## Understanding the self

## સ્વનો વિકાસ

Dr. Kiranben jayantilal patel

# યુનિટ-4 સ્વ-ઓળખની કટોકટી અને શિક્ષકની ભૂમિકા

- 4.1 ઓળખ અને બીબાઢાળ સ્વ : અર્થ અને જીવનમાં તેની અસરો
- 4.2 સ્વ ઓળખની કટોકટી  : અર્થ અને તેની અસરો
- 4.3 શિક્ષકની ભૂમિકા : અધ્યાપન દરમિયાન વિધાયક સંકલ્પના ના વિકાસમાં અને જાતિગત સમાનતા જાળવવામાં શિક્ષકની ભૂમિકા
- 4.4 યોગ : સ્વના વિકાસ માં યોગ અને સભાનતા કાર્યક્રમોની ભૂમિકા

# 4.1 ઓળખ અને બીબાઢાળ સ્વ અને જીવનમાં તેની અસરો

- નીચે કેટલાક પ્રશ્નો આપેલા છે તેના જવાબ તમારે હા કે ના મા આપવાના રહેશે
- તમે તમારા ઘરે કામ કરવા આવનાર માણસને માનથી બોલાવો છો?
- તમે આચાર્યની ઓફિસમાં વગર પરવાનગીએ દાખલ થઈ જાઓ છો?
- તમે તમારા મિત્ર સાથે ઘણીવાર ધબ્બો મારીને વાત કરો છો?
- તમે તમારા ઘરે આવનાર સેલ્સમેનને આવકાર આપી ઘરમાં શાંતિથી વાત કરો છો?
- જો તમને એકદમ પછાત વિસ્તારમાં સારા પગારની નોકરી મળે તો તમે ત્યાં જવાની તરત હા પાડી દો?
- જો પરિવાર સારો હોય તો તમે અન્ય જ્ઞાતિમાં લગ્ન કરવાનું પસંદ કરો
- જો તમને વધુ પગાર મળે તો શિક્ષકની નોકરી છોડીને હોટલમાં રિસેપ્શનિસ્ટ બનવાનું પસંદ કરો
- એક બેંક મેનેજર તમારા ઘરની મુલાકાતે આવવાનું કહે છે તો તમે હા પાડશો

# 4.1.1 બીબાંઢાળ ઓળખ અને અર્થ

**ઉદાહરણ** : આજે મુંબઈ શહેરમાં ટિફિન વાળાઓ મુંબઈ ડબ્બાવાળા તરીકે સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે તેઓએ પોતાની એક આગવી ઓળખ ઉભી કરી છે એટલું જ નહીં તેઓ જે રીતે કામ કરે છે એ વ્યવસ્થાપન વિશે આજે એમ.બી.એના વિદ્યાર્થીઓ અભ્યાસક્રમમાં ભણી રહ્યા છે એ ટિફિન સર્વિસ આપનારો આજે ઘણી કોલેજમાં વ્યાખ્યાન આપવા જાય છે આ છે મુંબઈના ડબાવાળાઓની સ્ટિરિઓટાઇપ ઓળખ

આ ઓળખ સ્વાભાવિક રીતે સમજવા નકારાત્મક અને હકારાત્મક બંને ભાવના પેદા કરે છે જેઓ પ્રત્યે આપણી હકારાત્મક ભાવના અથવા વલણ છે તેઓ ને આપણે માન આપીએ છીએ અને જો તરફ આપણે નિમ્ન ભાવ દર્શાવે છે તેઓ સાથે આપણે સીમિત અથવા મર્યાદિત સંબંધો છે.

# 4.1.1 બીબાંઢાળ ઓળખ અને અર્થ

- Steriotype શબ્દ મૂળ ગ્રીક શબ્દ Stereos પરથી ઉતરી આવ્યો છે જેનો અર્થ થાય છે નક્કર અથવા સખત એટલે કે solid impression on one or more idea/theory

- ઓળખ એટલે qualities of a person or group that make them different from others એવા ગુણો જે વ્યક્તિ અને જૂથને બીજાથી અલગ પાડે છે.

# બીબાંઢાળ ઓળખ એટલે

- આમ બીબાંઢાળ ઓળખ એટલે - બીબાંઢાળ માનસિક ઓળખ છે જે વધુ પડતો સરળ અને વધારે પડતો સામાન્યીકરણ કરેલો ખ્યાલ છે કે અમુક જૂથના લોકો અમુક ચોક્કસ રીતે વર્તે છે અને વિચારે છે.

બીબું એટલે કોઈ નિશ્ચિત આકાર ની વસ્તુઓ તૈયાર કરવા માટે બનાવેલી ડાઇ અથવા બીબું જ્યારે બીબું તૈયાર થઈ જાય પછી જે તે ધાતુ ને એમાં ઢાળીને હજારોની સંખ્યામાં જ એના જેવી જ બીજી વસ્તુઓ બનાવી શકાય આવી જ રીતે આપણે જ્યારે કોઈ ચોક્કસ ખ્યાલ માટેની એક ડાઇ કે બીબું બનાવી દઈએ છીએ જેને બીજા અર્થમાં એને જોવાના ચશ્મા કે બારી કહી શકાય આપણે પછી એ વ્યક્તિ, કુટુંબ,જ્ઞાતિ, ધર્મ,સમાજ રાજ્ય અને દેશ ને એ જ નજરથી જોઈએ છે.

# બીબાં ઢાળ ઓળખ અને અર્થ

- દાખલા તરીકે
- આજના બાળકોને ઉછેરવા એટલે...
- આજના તરુણો ની વાત ન કરશો...
- આજકાલની છોકરીઓ ની ફેશન જોઈએ એટલે...
- ઘરડાઓ સાથે એડજસ્ટ કરવું એટલે...
- આજકાલના ડ્રાઇવરો...
- અમેરિકન યુવાનો, કાળી પ્રજા, પાકિસ્તાની લોકો, ચીની પ્રજા, આફ્રિકા લોકો વગેરે

# બીબાં ઢાળ અને ઓળખ

- રોજ રોજ આપણે ખુદ આવા અનેક વિધાનો કેટલા સરળતાથી ઉપયોગમાં લઈએ છીએ આ બધી માન્યતાઓ સત્ય હોય પણ શકે અને વાસ્તવિકતાથી દૂર પણ હોઈ શકે કેમકે આ સમગ્ર જૂથ પ્રત્યેનું વલણ છે જ્યારે આપણને કોઈ વ્યક્તિ કે નાના સમૂહ નો અનુભવ થાય અને તે અલગ હોઈ શકે પણ આ માન્યતા ખૂબ જ સ્વાભાવિક છે અને આપણી વિચાર પ્રક્રિયાનો એક અનિવાર્ય હિસ્સો છે.

# 4.1.2 સ્ટિરિઓટાઈપ ઓળખ ના કાર્યો

- આ પ્રકારની ઓળખથી  સામાજિક આંતરક્રિયા ઓ નું વ્યવસ્થાપન થાય છે નીચેના કાર્યો પરથી આ બાબત વધુ સ્પષ્ટ થશે

**1. આગવી ઓળખ ઊભી કરવી :** વર્તમાન અભ્યાસો દર્શાવે છે કે સામૂહિક જૂથો પણ પોતાની આગવી ઓળખ ધરાવતા બન્યા છે જેને સામાજીક ઓળખ સિદ્ધાંત  અને સ્વ વર્ગીકરણ સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે આજે શિખ,  રાજપુત, પટેલ, જૈન, ગુજરાતી, મરાઠી, હિન્દીભાષી, ભારતીય,શિક્ષકો,વકીલો દરેકની આગવી ઓળખ છે આ ઓળખથી તેઓને ઘણી વાર ફાયદો પણ થાય છે તો ક્યારેક અન્યાય પણ સહન કરવાનો વારો આવે છે.

# સ્ટિરિઓટાઈપ ઓળખ ના કાર્યો

**2. બોધાત્મક કર્યો** : તેનાથી વ્યક્તિ અને જૂથના લક્ષણોની ઓળખ સરળ બની જાય છે વિચારવાની ઝડપ વધી જાય બહુ લાંબુ વિચારવું ન પડે અને એક સીમિત અર્થમાં વ્યવહાર કે આંતરક્રિયા સરળ બની જાય ઓલપોર્ટ જણાવે છે કે ઓળખ સ્મરણ આગાહી અને વ્યવહાર સરળ બની જાય છે તેઓ આગળ પણ એમ પણ કહે છે કે તેનાથી સમય અને શક્તિ નો બચાવ થાય છે

હવે એ પણ સમજાય છે પ્રત્યેક અપરિચિત વ્યક્તિને મળતી વખતે આપણે એ કોણ છે શું કરે છે કઈ જ્ઞાતિના છે વગેરે પ્રથમ પૂછીએ છીએ પછી જ આગળ અંતર ક્રિયા કરીએ છીએ અને આપણા વ્યવહારોમાં પણ જેઓ સાથે પરિચય છે તેઓ કયા વર્ગ જૂથના છે તે પ્રમાણે આપણે વર્તન કરીશું

# સ્ટિરિઓટાઈપ ઓળખ ના કાર્યો

3. **સામાજિક કાર્યો :** એક અર્થમાં આવી ઓળખ કોણ શું કામ કરે છે તે જાણી શકાય છે કેટલાક સમાજશાસ્ત્રીઓ આ બીબાઢાળ માન્યતાઓને એ રીતે સમર્થન આપે છે કે તેનાથી જ્ઞાતિ જાતિની ઓળખ સ્પષ્ટ બને છે તેઓ ઝડપથી બીજા કરતા અલગ તરી આવે છે તેઓને મતાનુસાર આપ માન્યતાઓ જૂથમાં નીચેની લાગણીઓ મજબૂત પણ કરે છે આ પ્રકારની માનસિકતા કેળવવાની પાછળ ભય અસુરક્ષા અને જે છે તે બરાબર છે એવો સ્વીકારભાવ કામ કરે છે આને કારણે તેઓ પોતાની ઓળખ ઉભી કરે છે.

- સુરક્ષા અને સલામતી નો ભાવ અનુભવે છે.
- પડકારોનો સામનો કરવો પડતો નથી.
- અનુકૂલન સરળ બની જાય છે.

# સ્ટિરિઓટાઇપના કાર્યો

**4. ન્યાયપ્રિય વર્તન કર્યા નો આધાર :**

ઘણી વખત અન્ય કે પરદેશી જૂથો સાથે અમુક પ્રકારનું વર્તન કરવાની પૂર્વધારણા ને સમર્થન આપી દે છે જેમ કે ચીની લોકો સાથે તો આમ જ કરાય પાકિસ્તાની લોકોની આ જ રીતે વર્તન કરાય વગેરે. એવી એવી જ રીતે પરદેશી લોકો પણ ભારતીય સાથે અમુક પ્રકારના વર્તન દાખવતા હોય છે ઘણા કલાકારોએ, નેતઓ પણ એરોડ્રામ પર આવી હેરાનગતિનો શિકાર બન્યા છે જે બીબાઢાળ માનસિકતા નું પરિણામ છે.